**Annexure 4**

ટેન્ડરમાં ભરેલ અસામાન્ય ઉંચા ભાવોના સંદર્ભે કામ પર પડતા ખર્ચ પર નિયંત્રણ રાખવા તથા કામની નાણાંકીય પ્રગતિ સાથે સુમેળમાં રહે તે માટે જરૂરી જોગવાઈ કરવા બાબત.

ગુજરાત સરકાર

માર્ગ અને મકાન વિભાગ,

પરિપત્ર ક્ર : પરચ / ૧૦૨૦૦૮ / (૬૧) / સી

તારીખ : ૦૩/૦૫/૧૩

વંચાણે લીધાઃ– પરિપત્ર ક્રમાંક :– પરચ / ૧૦૨૦૦૮ / (૬૧) / સી તા. ૨૭/૧૧/૨૦૦૮

**આમુખ :–**

ટેન્ડરમાં ઈજારદારશ્રીઓ દ્વારા ભરાતા Imbalance ભાવો વાળા ટેન્ડરના કિસ્સાઓમાં ઈજારદારશ્રીઓ દ્વારા ઉંચા ભાવની આઈટમોની કામગીરી કર્યા બાદ નીચા ભાવની આઈટમોની કામગીરી ન કરવામાં આવે તેવી પરિસ્થિતિ પર નિયંત્રણ રાખવા માટે તા. ૨૭–૧૧–૨૦૦૮ નો પરિપત્ર જરૂરી જોગવાઈ સાથે બહાર પાડવામાં આવેલ. આ પરિપત્ર અંગે વિવિધ સ્તરોએ થયેલ રજુઆતોને ધ્યાને લેતાં અને તેના પર પુખ્ત વિચારણાના અંતે આ પરિપત્રના બીજા ફકરાની છેલ્લી લીટી " આ રીતે વીથહેલ્ડ રાખેલ રકમ કામ સંતોષકારક રીતે પુર્ણ થયે ફાયનલ બીલ મંજુર કરતી વખતે વ્યાજભારણ વગર છુટી કરવામાં આવશે" તેની જગ્યાએ નીચે મુજબનો સુધારો કરવામાં આવે છે.

**સુધારો :–**

" આ રીતે વીથહેલ્ડ રાખેલ રકમ અસાધારણ નીચા ભાવ ભરેલ હોય તેવી આઈટમની નાણાંકિય પ્રગતિના પ્રમાણસર રનીંગ બીલમાંથી છુટી કરવાની રહેશે. જે કિસ્સામાં અસાધારણ નીચા ભાવ ભરેલ કોઈપણ આઈટમ ન હોય તેવા કિસ્સામાં અસાધારણ ભાવો ભરેલ આઈટમની સામે વીથહેલ્ડ રાખેલ રકમ બાકી રહેતી કામગીરી થાય તેના પ્રમાણસર રનીંગ બીલમાંથી છુટી કરવાની રહેશે."

વધુમાં વંચાણે લીધેલ પરિપત્ર ના ઉદાહરણમાં દર્શાવેલ ક્રમાંક – ૮ રદ કરવામાં આવે છે.

ઉપરોકત સુધારાનો અમલ આ પરિપત્રની તારીખ પછી મંજુર થતા ડી.ટી.પી.માં અચુકપણે કરવાનો રહેશે.

(આર.કે.ચૌહાણ)

ખાસ ફરજ પરના અધિકારી(વિ.યો.)

માર્ગ અને મકાન વિભાગ.

પ્રતિ,

સર્વે અધિક્ષક ઈજનેરશ્રીઓ, મા.મ. વિભાગ (પાટનગર યોજના વર્તુળ, નેશનલ હાઈવે વર્તુળ સહિત)

સર્વે અધિક્ષક ઈજનેરશ્રીઓ, (પંચાયત)મા.મ. વિભાગ

સર્વે કાર્યપાલક ઈજનેરશ્રીઓ, મા.મ. વિભાગ.

સર્વે કાર્યપાલક ઈજનેરશ્રીઓ, (પંચાયત) મા.મ. વિભાગ.

નકલ રવાના :

૧. અગ્રસચિવશ્રીના અંગત મદદનીશશ્રી, મા.મ. વિભાગ, સચિવાલય, ગાંધીનગર

૨. સર્વે મુખ્ય ઈજનેરી અને અ.સ.શ્રીઓ, મા.મ.વિભાગ.

૩. સર્વે તાંત્રિક ઉપસચિવશ્રીઓ, મા.મ. વિભાગ.

૪. ના.કા.ઈ.શ્રીઓ, મા.મ. વિભાગ

૫. નાણાં શાખા, મા.મ. વિભાગ.

૬. ના.સે.અ. સી શાખા, મા.મ. વિભાગ,સિલેકટ ફાઈલ.

૭. શાખા સિલેકટ ફાઈલ ૨૦૧૩.

૧૩૨

ટેન્ડરમાં ભરેલ અસામાન્ય ઉંચા ભાવોના સંદર્ભે કામ પર પડતા ખર્ચ પર નિયંત્રણ રાખવા તથા કામની નાણાંકીય પ્રગતિ ભૌતિક પ્રગતિ સાથે સુમેળમાં રહે તે માટે જરૂરી જોગવાઈ કરવા બાબત.

ગુજરાત સરકાર
માર્ગ અને મકાન વિભાગ
પરિપત્ર ક્રં. પરચ / ૧૦૨૦૦૮ / (૬૧) / સ
તા.૨૭-૧૧-૨૦૦૮.

**પરિપત્ર :**

ટેન્ડરમાં અસામાન્ય ઊંચા કે નીચા ભાવો ઇજારદારશ્રીઓ દ્વારા ઘણી વાર ભરાતા હોવાનું સરકારશ્રીના ધ્યાન પર આવેલ છે. આવા કિસ્સાઓમાં કામની નાણાંકીય પ્રગતિ અને ભૌતિક પ્રગતિનો સુમેળ ન રહેવાની સંભાવના રહેલી છે. આથી કામની ભૌતિક પ્રગતિ પ્રમાણે નાણાંકિય પ્રગતિ રહે કે જેથી સરકારશ્રી પર સમય વહેલાં અયોગ્ય નાણાંકીય બોજ ન પડે તે માટે નીચે મુજબની જોગવાઇ ટેન્ડરમાં કરવાનો નિર્ણય કરવામાં આવેલ છે. આ જોગવાઇ તમામ કામોના આ પરિપત્રની તારીખ પછી મંજૂર થતાં ડી.ટી.પી. માં અચૂક પણ કરવાની રહેશે.

**જોગવાઈ :**

જે કોઈ આઈટમનો ભરેલ ભાવ તે આઈટમના ટેન્ડરમાં મૂકેલ અંદાજી ભાવ કરતાં ટેન્ડરમાં મૂકેલ અંદાજી રકમથી સમગ્ર ટેન્ડર જેટલા ટકા ઉંચુ કે નીચું મંજુર થયું હોય તે ટકાવારીથી ૧૦% થી વધુ ઉંચો રહેતો હોય તેવી આઈટમનું ચૂકવણું રનીંગ બીલ વખતે જે તે આઈટમના અંદાજી ભાવ +/- મંજૂર ટેન્ડરની ટકાવારી + તે આઈટમના અંદાજી ભાવની ૫% ની મર્યાદામાં કરવામાં આવશે. આ રીતે વીથહેલ્ડ રાખેલ કામ સંતોષકારક રીતે પૂર્ણ થયે ફાઇનલ બિલ મંજૂર કરતી વખતે વ્યાજભારણ વગર છૂટી કરવામાં આવશે.

ઉક્ત જોગવાઈની સ્પષ્ટ સમજણ માટે આ સાથે આપેલ ઉદાહરણ ધ્યાને લેવું.

અનું.....૨

(૩)

(૨)

| | | |
|---|---|---|
| ૧. | ટેન્ડરમાં મૂકેલ અંદાજી રકમ | રૂા.૧૦૦/- |
| ૨. | મંજૂર થયેલ ટેન્ડરની રકમ | રૂા.૧૧૦/- |
| ૩. | ટેન્ડરમાં મૂકેલ અંદાજી રકમ સામે ખરેખર મંજૂર થયેલ ટેન્ડરની ટકાવારી | રૂા.૧૦% |
| ૪. | ટેન્ડરની એક આઈટમનો ટેન્ડરમાં મૂકેલ અંદાજી ભાવ | રૂા.૧૦/- |
| ૫. | તે આઈટમનો ભરેલ ભાવ | રૂા.૧૪/- |
| ૬. | તે આઈટમમાં ભરેલ ઊંચા ભાવની ટકાવારી | ૪૦% |
| ૭. | તે આઈટમ માટે રનીંગ બીલ વખતે ચૂકવવાપાત્ર ભાવ | રૂા.૧૦ + કોલમ-૩ પ્રમાણે ૧૦% ઊંચા + અંદાજી ભાવના ૫% = રૂા.૧૧.૫૦ |
| ૮. | ફાઈનલ બિલ વખતે વ્યાજ ભારણ વગર ચૂકવવાપાત્ર થતો વીશ હેલ્ડ રાખેલ ભાવ. | રૂા.૧૪.૦૦ - રૂા.૧૧.૫૦ રૂા.૨.૫૦ |

જો સદર આઈટમના ભાવ રૂા.૧૨/- કે તેથી નીચે ભરેલ હોત તો રનીંગ બિલમાં ભાવ કપાત આ જોગવાઈ મુજબ કરવાની રહેતી નથી.

સહી/-

(આર.કે. ચૌહાણ)
ખાસ ફરજ પરના અધિકારી
માર્ગ અને મકાન વિભાગ

પ્રતિ,
તમામ અધિક્ષક ઈજનેરશ્રીઓ, માર્ગ અને મકાન વિભાગ,
તમામ કાર્યપાલક ઈજનેરશ્રીઓ, મા.મ. વિભાગ

નકલ રવાના :
૧. સચિવશ્રીના અંગત મદદનીશશ્રી, મા.મ. વિભાગ.
૨. તમામ મુખ્ય ઈજનેરશ્રી અને અ.સ.શ્રી મા.મ. વિભાગ.
૩. તમામ તાંત્રિક ઉપસચિવશ્રીઓ, મા.મ. વિભાગ
૪. ના.કા.ઈ.શ્રીઓ, મા.મ. વિભાગ પ્રે.પર
૫. નાણા શાખા, મા.મ. વિભાગ
૬. ના.સે.અ. સિલેક્ટ ફાઈલ
૭. શાખા સિલેક્ટ ફાઈલ.

**Annexure5**